શુરવીર

કનકસીંહ અને સતીતારા

નાટકનાં ગાયનો

બનાવનાર

કવિ રતીલાલ વીઠલદાસ મહેતા

છપાવી પ્રસિદ્ધ કરનાર

મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે બુકસેલર

ત્રણ દરવાજા - અમદાવાદ

આવૃતી ૨ જી   પ્રત ૪૦૦૦

ધી બૉલી પ્રિન્ટિંગ વર્કસ—અમદાવાદ પાનકોરને નાકે

સંવત ૧૯૬૨   સને ૧૯૦૬

કિંમત બે આના.

ૐ

તત્સત પરમાત્માને નમઃ

સતી 'તારા'

અને

શુરવીર કનકસિંહ

નાટકનાં ગાયનો.

સર્વ પાત્રો—સ્તુતિ   રાગ કલ્યાણ.

શ્રી સરસ્વતી, આપ સન્મતી;
તાપ તન ટાળવા, તુજ ગહન ગતી—એ ટેક
સેવું બ્રહ્મ તનયા તુજને, રૂપ મનોહર માત;
બ્રહ્મચરણી ભારતી તું, વૈષ્ણવી વીખ્યાત—શ્રી.
શ્વેત વસ્ત્રાલંકાર બિરાજે, શ્વેત વાહન હંસ:
વિશ્વંભરી વરદાયની, કરો વિઘ્નો ધ્વંસ—શ્રી.
કરૂણામયને કમલનયની, કમલ ભુ કન્યાય:
વેદ કરમ વખાણુ તમારા, ધરમ શાસ્ત્રને ન્યાય—શ્રી
ખેલમાં ખામી નવ દીજે, રમવા ગ્રંથ અપાર;
રતિલાલ વિનંતી કરે છે. ભવસાગરથી તાર.

સુરસેન—   ગીતી

રહો નીર્ભય નુંપરાજ, દુશ્મન દળ દુઃખ પામે અતીભારી;
આપ અહીનાં ડંસે, કોટીક નુંપ નહી ફાવે કદી કારી.

મદનમેના— રાગ—હું વેચુ પુત્રને પ્યારીરે.

હું જાવા દઉં ન નાથરે આ વાર યુદ્ધની માંય—ટેક
દુશ્મનો સર્વે મહેલ ઘેરીને, મારો કરે પોકાર;
દયા કરી આ દીન અબળાની, અરજ સુણો દીલદાર—હું
સામતસીંહ શુર ચડાવી, કરે તોપનો બહાર;
પ્રીતમ પ્યારા રાજ્ય છોડીને, કરશું ફળીનો આહાર. હું.
સુરસેન સન્યાના માહે, નથી દેખાતા નાથ;
સારથી વીના નહી જવાયે, કહુંછું જોડી હાથ;

અમરસીંહ—રાગ ચંદ્ર વખત શી આવીયો

પ્યારી વખત આ વીચારીને શબ્દ તારા આ વીસારીને ટેક
શત્રુ ઘેરયો નગર કોટ, ચાલે તોપ તની ચોટ;
જઈ હઠાવું એ સ્વારીને;
હાં હાં પ્યારી ! જઈ હઠાવું એ સ્વારીને. પ્યારી
પીયા રજા દીઓ આજ, કરી આવું રૂડા કાજ;
દુશ્મન દળ સંહારીને;
હાં હાં પ્યારી દુશ્મન દળ સંહારીને. પ્યારી.
વદો બીરૂના શું બો; હાથે કરી ખુચો તુલ;
ક્ષત્રીની રીતી સંભારીને.
હાં હાં પ્યારી ક્ષત્રીની રીતી સંભારીને પ્યારી.
નહી લઉં તારા વેણુ, છું પ્રજા સુખ દેણુ;
નવ બેસુ હું હીંમત હારીને;
હાં હાં પ્યારી નવ બેસું હું હીંમત હારીને. પ્યારી.

મદનમેના— રાગ માનો માનો મારી શીખ.

ચાલો ચાલો જઈએ નાશી પ્રાણનાથ—ટેક

અમરસીંહ—અરે અવીચાર, અંતર ધાર, મારૂં હાથ, ફૂર ફૂર.

મદનમેના—:...................................ચાલો.

તજી કેમ પ્યરી થાઓ, ન્યારા ન્યારા ન્યારા;
નહી રણ વીશે જાઓ પીયું પ્યારા પ્યારા પ્યારા ચાલો.

અમરસીંહ—નહી માનું એવી વાત, શાને કરે ઉતપાત;

મદનમેના...ચાલો.

અમરસીંહ— રાગ—એ મધુર નાર.

એ પ્રગીત નાર, મારૂં શતરૂ હું ઠાર.
નવ બીહીશ લગાર, આવીશ આ વાર;
નહી પામીશ હાર, તું રહેજે નીચીન્ત એ૦
મારીશ હું માર, છે આશ અપાર;
રઇયતની વાર, કરૂં સમજને સાર,
પાછો આવું આવાર. તું રહેજે નીચીન્ત. એ૦

મદનમેના— દોહરો.

સામતસિંહના સામતે, ઘેર્યું નગર તમામ;
પ્રીતમ પ્યારા પ્રાણથી, ઉતર્યો રાખી હામ.

સામતસીંહ— રાગ—ક્ષત્રી કલક.

આવ આવ અમરસીંહ આજ, રણમાં રોળી તને નાંખુરે;
ત્યારે સુધરે મારૂ કાજ, રણમાં૦
ઘણા દીવસથી કરે તું લેર, રણમાં૦
આજ વાળું તેનું હું વેર, રણમાં૦
તારી પ્રીયાને કરૂં હું નાર; રણમાં૦
કરૂં પુત્રી તારીને પ્યુંબાર, રણમાં૦
ઘણાં દીવસનો હતો પ્રયાસ; રણમાં૦
હવે પુરૂં હું સઘળી આસ, રણમાં૦

અમરસીંહ— રાગ—સદર.

ધીક ધીક તુંને વ્યભીચારી રાય, નીરલજ નુપ સીંહ થયોરે;
દેખી આગ ઉઠે અંગ માંય. નિરલજ

હાથે કરી શીદ માગે છે તું મોત; નિર્લજ,
ફટ ફટ તને કરુ દીન કપોત નિર્લજ.
મુંજ પ્રાણી પ્યારી અતી પવીત્ર, નિર્લજ.
દરશાવ્યું બ્રમાએ દેવી ચીત્ર, નિર્લજ
તેની સાથે કરવાને માગે પ્રીત; નિર્લજ
ચેત ચેત તસ્કર તું ચીત, નિર્લજ
હવે આવી ઉભો રહે રણમાંય; નિર્લજ.
કરૂં કટકા તારા હું આમ, નિર્લજ.

મંગળા— ગીતિ વૃત.

રહો ધીરજ દીલ ધારી, ગીરધારીને ગમતું સહુ થાએ;
હૃદયરામ સંભારો, ભારી રાજન રાજી કરશે આંગે.

મદનમેના—રાગ—જાઓ છોડો છબીલા.

નહી રીત તમરી લાજ જાએ અમારા;
વારી રાખું શું ક્રોધ મહારાજ. ટેક.
માથુ કુટે સરે નહી કાજ;
મમ સ્વામીને બતાવો આજ,

સામતસીંહ—હાં હાં મુક ગુમાન, કરે શાને અભીમાન,
પ્યારી કહ્યું મરૂં માન;

મદનમેના—......................................નહી

મદનમેના— રાગ જઇ ગુમાવી આવ્યા.

તે રીઝાવી કરી દુઃખીઆરી, પ્યારી કહે જીવ તુટે તારી;
વ્યભીચારી શઠને જાત લજાવી, કરવા પરનારીથી યારી, તે.
રૌરવ નરકમાં રહેનારો, તે શું થાએ સ્વામી મારો;
જા તું નકા બહાના મારો, પચાસ કાળ આવ્યો છે તારો.
નથી એક ઉતરવા આરો, હાય હાય પકડી છે જાળો. તે.

તારા— **રાગ પુનમ ચાંદની**

નવપલ્લવ પુષ્પ સખી બાગમાંરે,
જાણે ઉમયા પતિનો આવાસ;
રમે રામગો રૂદેમાં મારો આ સર્વેરે
સખી પ્રીતમ વીનાનું મન ઓકળુંરે:
પોઢું પલંગ પ્રીતમજીની સાથ—રમે.

સાખી

જોબન આજે ફુલીયું, મળવા પ્રીતમ પ્રાણ;
કથ વીનાના સેજડી, દીશે મહેલ મસાણ.
બોળી ભોળી હું બમીત જીવડો ભમેરે;
મારૂં મન તલપે છે પ્રીતમ પ્રાણ રમે

સાખી

અંબર અંગે ઓઢીયું, કંઠે મુકતા હાર;
ચોળી ચાતમાં ચોડાને, વસે અનંદ ધાર—રમે.
સખી કરમાં કંકણ રૂડાં શોભતારે;
બાજુબંધ જબકે છે મોતા માળ રમે

સાખી

રજની આ રળીઆમણી, ચંદ ચડયો આકાશ;
રામા લે છે રાસડો, સ્વામી મળવા આશ.
લહેરી લાલાથી આનંદ ફિરમાં વર્તેરે;
મને બાળે છે વિરહ તણો રોગ. રમે.

સાખી

પ્રાણ વીનાની પ્યારી હું, છું દુઃખી દીનરાત;
પ્રતીમ પ્યારો પામતાં, થાળે સુખ બલીબાત.
નવ પલ્લવ પુષ્પ સખી બાગમાંરે;

મદનમેના— **દોહરો**

ક્યાં પ્રીતમ ક્યાં પ્યારી હું. ક્યાં પુત્રી ક્યાં રાજ;
ક્યાં શતરૂ ક્યાં મીત્ર છે. ધાર્યુ ન થાયે કાજ.

લાવણી.

[illegible] મારી સહું આજ, દીલમાં ધારી;
તજો પરનારીની પ્રીત; સદા દુઃખકારી—ટેક.
જે હોય વ્યભીચાર નાર. ખ્વાર તે થાયે;
તેમ નરની એવી રીત; ચીત જો ચાએ—લીઓ.
જુઓ રાવણ સરખા નૃપ, મહા દુઃખ પામ્યા.
હરી સીતા સાધવી નાર, સુખ સહુ વામ્યા-લીઓ
છે સત્ય તણું સહું સુખ, દુઃખ નવ આપે;
છે પરીબ્રમ રૂપંત પ્યાગ, પોતાનો થાપે...લીઓ.
વળી ચુગલ ચાડીઆ ચોર, હોય જે પ્રાણી;
સદા રહે નરકની માંય, પીલાશે ઘાણી—લીઓ.
હવે જઉ પતીના પાસ, આશ મુજ મનમાં;
સત્ય વ્યાપ્યું સર્વ શરીર, હર્ષ તનમાં...લીઓ.

રાગ રહ્યા છોરે વ્યધક.

પ્યારા હોરે ગોવીંદ ગુણ તુજ મનમાં,
જય જય જઉ વારી. (ટેક)
પ્રીતમ પ્યારા મેળવ મારા. થઉ અતી રળીઆત;
તુજ પાસે સુખ થ શે દુઃખ જાસે કહું આસે;
અવીનાશી અબળા અરજ સુણીને કરી દીઓ રાજી—પ્યારા
અગ્નિરે દેવા તમેજ રાખો સતી ચીતની લાજ;
પ્રગટ થાઓ વારે થાઓ વહેલા આવો.
સતી પણાનું સત્ય જાળવવા, પ્રભુ ભલે આવ્યા આજે—પ્યારા

કનકસીંહ— **રાગ હું વેચું પુત્રને પ્યારીને.**

હું જાઉ વચન માનીને વીદેશ આણીવાર; ટેક
નીરદોશી હું પૂત્ર પીતાજી, હતો તમારે ત્યાંય;
ભયાનક આ ભુમી માંહે, નહી સંકટ શી[illegible]ય. હું
માનેતી માતુશ્રીના વચનથી, [illegible] જનાર;
બત્રીશ ભોજન બાવતાં મુકી ફળ ફુલનો અહાર. હું.

કનકસીંહ— **દોહરા.**

બન બની કે બન રહી, ઔર બનવેકી નોઇ;
લખા લેખ મીટે નહી, હરી કરે શો હોઇ.

કનકસીંહ— **રાગ દીઠી દીઠી મેં રંભા.**

પ્યારી પ્યારી મેં વારી, પ્યારી પ્યારી મેં વારી;
આનંદ તતખેવ હો, વીજુ માનુની મન હરનારી–ટેક
રૂપ રંભા તુજ અપરંપારી, આનંદ ઉરમાં ઉપજ્યો ભારી
વારી વારી જઉ બલીહારી, હો. વીજુ.
મનહર મુખડું આનંદકારી, જયાં દેખું ત્યાં સુખ ભારી
પ્યારી પ્યારી સદા સુખકારી હો. વીજુ.

તારા— **દોહરો.**

શાને મારે શરીર શોટી અબળા ઉપરે;
દુઃખમાં આપે દુખ, દાહ લાગ્યો ડુંગરે.

કપટસીંહ— **રાગ ઓ વીપરીત બુદ્ધીની નારી.**

ઓ મનહર મુરત તારી,
દે ચુંબન ચતુર નારી ઓ
રાખું તુને મારી પાસ, પુરે મનડાની આશ....ઓ.

સાખી

પ્યારી માનો પેમદા સ્નેહે રૂડી રીત;

તુને રાખું રંગ મેહેલમાં, પ્રીચા બાંધો પ્રીત.
એ મનહર મુરત પયારી. દેએ.

સાખી

રંગ મહેલની રાણીઓ, રહે તારી દાસ;
આભુષણ ભુષણ સદા, પુરૂ તારી આશ
એ મનહર મુરત પયારી દેએ.

તારા— રાગ પ્યારી સુણ તું જીવન.

સુણ વાણી તુ ઉલટ આણી (૨)
વ્યભીચારી તું વશ નહી થાઉ. નહી ગ્રહ હું પાણી. સુણ.
પતીવૃતા છું હું નારી. કેમ શકે મોજ તું મણી. સુણ
દાભીકરાજા દુર ખસી જા, કરે પાન તું તારી રાણી. સુણ
ખબર પડી જો પતી મારાને, આવી ફોડશે ઘાણી. સુણ

ત્રંબકસેન— રાગ સોરઠની ગજલ.

હાય હાર્યો હું પુત્ર પ્યારોરે દુષ્ટ રાણી અનંગાના ફેરથી;
ચયો દુખીઓ પ્યારી આ સમે, એ શંખણી કેરા વેરથી હાય
હાય પાપણી આપ્યું વનરે, મેં ખોયું પ્યારૂ રતનરે:
પ્યારા વાનાનું આ સમે, મુજાએ મારૂં મનરે. હાય
ઓ પુત્ર પયારા આવો આ સમે, તુજ વીના તાત તારો ભમે
નીરદોશીં દોશીત ઠરાવતા, ન્યાય આતમા દેહને દમે. હાય

તારા— રાગ માઢ તાલ દાદરો.

વાલમ વેગે આવજોરે, મારો સાચવો ધરમ આંય.—ટેક

સાખી

પ્રીતમ ગયારી દુખમાં પડી કપટને ત્યાંય
સ્વામી સ્નેહ સંભારીને, પ્રીતે કરજો સાંય; વાલમ
જંગલમાં મંગલ થયું, થયું જંગલમાં દુઃખ;
જંગલથી જુજવા થયા, તે આપો આવી સુખ. વાલમ

ત્રીકમ તારા દાસની, દાસી પડે છે પાય;
દાસી સ્વામી મોકલો આનંદ મંગળ થાય, વાલમ
બે ઘડીની પ્રીતમાં, ચીતમાં ચોડી છાપ;
દુઃખ નીવારણ નાથજી, વેગે અવો આપ. વાલમ.

કનકસીંહ— દોહરો.

'તારા' તારા તેજથી સુરજ ઝાંખો થાય;
તારા તુજને દેખીને તારા નમીજ જાય.

કનકસીંહ— રાગ દશા આ શી થઇ મારી.

દુઃખી છઉ હું વીના પયારી ચઇ હીમત સહુ ન્યારી—ટેક
જંગલ માંહે જે ઘડી મળી પયારી પ્રાણ,
સખી સાથે તેહની, હતી ચતુર સુજાણ:
ભટકતો હું રહયો ભારી, ફરી નવ દીઠી મેં પ્યારી દુઃખી
આવાજ સુણી એ સમે કરયો પ્યારી ત્યાગ.
દાત્રા નળથી દુખીઓ અંતર ઉઠી આગ.
રહયો નહી હીમત ધારી, કરી પ્યારી મેં દુઃખીઆરી—દુખી
નશીબ ફરતે સહુ ફરયુ ધરી પૃથવી માત;
દેશવટો દીધો મને ફરયા પ્યારા તાત,
મળે તારા જો આ વારી, તો સુધરે ગતી મારી—દુઃખી
જેણુ જોગી તાપીયા તાપ્યા માને બાપ;
કાંતો તોડયો ધરમ મેં જેનાં પ્રગટયા પાપ;
પ્યારી પ્યારી તું ઓ પ્યારી, રહુ શું હું હીમત હારી—દુખી

કનકસેન— છપય છંદ

ચતુર હોય જે નર, નૃપ સભામાં જાયે;
ચતુર હોય જે નર, રાગ રાગણી ગાયે;
ચતુર હોય જે નર, પર ભુમીને પેખે
ચતુર હોય જે નર, નીત્ય ઉદાશી દેખે;

વળી ચતુર નર હીમત ધરી નીત્ય નીત્ય નવીન જોયા કરે.
કવી રતીલાલ આળસ તજી. ચતુર ચીત ચેતી ફરી;

રાંગ માંઢની છંદ

શરીર જીતનું જાઓ, અમર કાય કીધાં.
શરીર જીવતું જાણો, જશ જેણેજ લીધાં;
સ્વયંવર જઇ જોવો, લેવો અમુલ્ય લાવો
બેશી રહેતા ન આવે, ફરી વખત આવો;

તારાં **લલીત**

અરર ક્યાં ગયું, કરમ મહારૂ સખી સખી સાવીતીરે તેમ તહારૂ
ગુન્હો શો કરયો નાથજી અમે, કામદેવ તો દેહને દમે;
ઝબકે વીજળી ગરજના ભરી અબળ જાતી હુ શું કરૂં હરી.
પ્રણુત પાળવા આવ આ સમે કામદેવ
હાય હાયરે નાથજી ગયા દીવસ દુઃખના આવતા રહયા;
અરર નાથજી નારી આ નમે કામદેવ
નદીમાં નીરતો જોસથી વહે, અરજ માહરી કોણરે લહે,
નારૂણી તન આ દુઃખડા દમે કામદેવ

ચંદ્રાવલી **રાગ ક્યાંથી આ સંભળાય.**

આનંદ અંગ ન માય. પીયુ પધારા આનંદ અંગ ન માય.
કરૂં સેવા તેની આંય પીયુ પધારા આનંદ અંગ ન માન ટેક.
કુમારી આજ આવી હાથે; રાખુ રહેને દીલ સાય. પીયુ.
પ્રીતમ રહેશે એ પુત્રીની પાસે સુખ ભોગવશે ત્યાંય. પીયું.
જા જટ દાસી અગની લઇ આવે તન તપાવું હું આંય.પીયું.
બંને સખીને સાથે વરાવીશ. ચીત મારૂ એમ ચાય; પીયું.

ચંદ્રસીંહ **રાગ ધીરી હાં ધીરી.**

ધીર હો ધીરે હો પ્રાણુ પ્યારી રે.

દીનોનાથ દુઃખ કાપશે, અવશર આપશે, લાવશે.
ઇશ્વર સુખ નકી અપાવશે, ધીરે૦
સુંદરી શાને કરે ઉતાવળ, માવત્ર થાય તો સુખ જણાયરે,
ભોળી ભામા તુ ભય ન પામે, નિરાધારીની કરશે સહાયરે.
સુખ લેશે સુરજ બાપણુ, વાર હજુ આ થાએ બમણી,
પ્રભુ પ્યારા આવશે- ધીરે હો !

સાવીત્રી— રાગ પકુડું વિખુટો પ્રીયા.

તારા અળગી તું ક્યાં થઇરે, મને મુકી આણે ઠાર.
રહગો હુકમ તમારા બાપનો, સખી સંભારૂ શું પ્યાર—ટેક.
હતિ હુંતો અભાગણી, હરી એટલી ચાંય,
ચાંય હવે હું શુ કરૂ, દુઃખણી આણી વાર. તારા.
સખી તુ રે કયાં રહી, કયાં પ્રીતમ પ્રાણ;
કર્મ નડયું પેલા જન્મનું, હવે શોધે આધાર, તારા.
મેહુલે યુદ્ધ મચાવીયું, સરીતાએ માંડયા કેસ;
લોઢે સુખડુ કાપીયુ, લીધુ મોટુ વેર. તારા.
લખ્યા લેખ મીટે નહી, હોય કરમના અંક:
થાકી પાકી આ સમે, કયાં શોધુ આણી વાર. તારા.

દોહરો.

"તારા" નદીએ આવતાં, તારા ! સાંભરે વેણ.
"તારા" પડતા પુરમાં, "તારા" રહીતું કયાંય;

કનકસીહ— બનજારો.

તું સાંભળ સુર્ય કુમારી, વન મુકી તારા કે પ્યારી; ટેક.
એણે પાન નથી મુજ કીધું, મેં પણ અહીઆં લીધું.
સખી શુધ્ધ સાવીત્રી નારી, વન મુકી તારા હે પધારી:
સુણી અવાજ નાસી આવ્યો, અહીં તારા મનને ભાવ્યો.
પણ પામુ સદા દુઃખ ભારી. વન.

અરે હશે કયાં એ બાળા, તેહ વીણ પ્રગટે છે જવાળા;
હાય ગયો હીંમત હારી, વન.
મેં ખોયુ પ્યારી રતન, હવે ભાવે ન જમતા અન,
એ રોગ મહા દુઃખ કારી; વન.

સુરજમલ— રાગ—દીલખુશ પ્યારી રાજકુમારી

દીલજાન મારી રહુ સુખારી, તુજ સાથે મેં બાન ફિલી છે.
ચંદ્રવદની કમલ નયની, બ્રહ્માએ એક તુજને ઘડી છે.
રત્ર દીવસ હું તારે વસ, મનહર મુરત ઇંદ્ર પરી છે.
અળગા રહે જો પ્રાણ તુજથી, તે જાણું હું દુઃખ ભરી છે;

સુરજમલ—રાગ ધીમા ધીમા ચાલો મારા પ્રાણરે.

ધીરે ધીરે પ્યારી મારી પ્રાણરે;
ચંદ્રવદની સંકટ શરમાઇ જશે, નહી તો કરમાઇ જસે:
છો અજાણરે. ધીરે
સાખી—કનક દેહ તું કામની, ચળકે તારા નેણ;
વિરહ ટાળે વેગથી, માની મારા વેણ.
લટકાળી લહેરી તમે આવો સુખે:
દુઃખી થાઉ પ્યારી હું તમારે દુઃખે.
જે જોઇએ તે માગી લહેને સુખે, છો અજાણરે. ધીરે

સાવિત્રી— રાગ જા જા દુરાચારી નારી.

હાં હાં વ્યભીચારી તારી, નકી કરૂ હું ખુવારી;
નિચ ગુણીકાથા યારી, તુને નાખુ અહીં મારી.
કરી સતા દુઃખીયારી, દુષ્ટ મતા દુરાચારી. હાં હાં.
સતીને સતાવે નીચ, અહીં તુજ આવીને;
નારીને રીબાવે તુજ, મોકલ્યો ફસાવીને.
જશે પ્રાણ તારો, નહી ઉગરવા આરો;

થયો ભવ તારો ખારો, કંઇ દીલમાં વિચારો. હાં હાં.
ગુણ ગુણીકાનાં લીધા, રોયા કરજ ન કીધાં,
નિત્ય નિત્ય વિષ પીધા, દામ દંડના તે કીધા.
નરક નિવાસી તું થાએ, નહિ સુખ મળે કયાંએ હાં હાં.
તારા કૃત્ય તુ વિચાર, જરા અંતર ઉતાર;
શાને સમજે ન સાર, નહી આવનાર;
નિચા કૃત્ય કરનારી, વેશ્યા તુજને વિચારી. હાં હાં.

વિજયકળા— રાગ બતાદે સખિ.

થઇ છે દુઃખી સાવીત્રી માત તું આઇ;
સાવીત્રો માત તું આઇ (૨) થઇ છે.
સખી તારાદે કોઇ બતાદે, દે દે કોઇ સુખ સાઇ; થઇ છે.
સખીઓ બંને કયાં હશોરે, હશો સુખ દુઃખરાઇ થઇ છે.
કોઇ બતાવો બને મીલાવો, પામુ આનંદ મન માંઇ થઇ છે.

ચંદ્રાવલિ— રાગ એ...બાથે મટુકિ.

એ...મગન મોહન મન થાવું, વારી વારી પ્રીતમજી આવું. એ=ટેક

ચંદ્રસિંહ—હું પ્રીતમજી તું છે પ્યારી.

ચંદ્રાવલી—..................તમે પ્યારાને હુ છુ નારી.

ચંદ્રસિંહ—હા...............સંગે અધુરામૃત પાવું;

ચંદ્રાવલી--.......................................એ

રામશંકર— ગિતિ.

વનમાં વાવ હતી જહાં, તહાં સુનો એક હંસ;
સખો પ્રોયા એ સાથથી, પડી ગયો પર વંસ,

સાવિત્રી— સહર

હંસ ગયો કપટ મળ્યો, રહ્યા મુદત છ માસ;

નાશી જતા સરીતા મહી, મેલી મનની આશ.

તારા— રાગ કાફિ ગરબિ તાલ દ્વિપચંદ.

સખી વનમાં હું ગઈતીરે. દુઃખીઆરી દુઃખે;
ગઈ જળ ભરવારે, સાહેલી ત્યાં સુખે
નીદ્રાવશ જોઈ હંસને, આવી પાછી અહી.
સુણી વાત સખો મુખથી, બંને પહોચી તહી.
તજી નીદ્રા પ્રીતમજીરે, રાજ પુત્રી થઈ પ્યારી;
સખી તેહ વારેરે, આનંદ અંગ ભારી.
જેથી ગરજના ઘોરથી, પ્યારે તજીઓ પ્યાર,
સખી બંને રોતી રહી, દુઃખણી અપરંપાર.
કપટ ફેર કરીનેરે, માસ છ મુદત માની;
દીવસ ત્રણ બાકીરે, તજી મહેલ બંને ભાગી.
મેહુલે મંડાણ માંડયું, સરીતા આવ્યુ પુર;
વિશ્રામ વૃક્ષ પડી જતાં, સુકાયુ સહુ નુર.
પડી પુરમાં પગણેરે, તજી લાઢે સાહેલી.
પ્રીતમ વિનાની પ્યારીરે, ફરે સદાએ ઘેલી.

તારા— રાગ મારારે સ્વામ બોલોને વાલા

થયારે શાને નાથજી ન્યારા, (૨)
ઘેલીરે હુ તો કાંઇ નવ જાણું, પીયુજી પ્રીત વનડાની પીછાણું થયારે
ખટકે વિધ સુજને જુવાનીનો, પ્રીતમ મારે મદ ચડયો દીવાનીનો થયારે
સુરજબા—ચાલોને સખા મોહનને મળીએ દુઃખ દાવાનળ આદળીએ;
રહોરે શાને નાથજી ન્યારા:
તારા—નથીરીત પ્રીતની આસ્વામી,આપોપ્રીતમ પ્યાર ઓગુણગામી થયાં.

ર.૨.શંકર— દોહરો

મળી સખી પ્રીયા નહી, રહત ત્રિણ ઉદાસ.
મળે પ્રીયા એ આસથી, કરત હે ઉપાસ.

તારા— **રાગ-વિમળા ન કરશો ઉચાટ**

તાપ નિવારો "તારા" તનના આ સમેરે—ટેક.
આનંદ પત્ર વાંચી તમારો શાન્ત થયો છે જીવ અમારો.
પ્રીયા રાહ તમારી જોઈએ અમેરે તાપ

સખી તારી સુરજબા સાથે, પાણીગ્રહણ કરીશ હું હાથે,
પણ વિયેગી જીવડો આ દેહને દમેરે. તાપ

પત્ર ચંદ્રસિંહ પર પ્રીતે, લખ્યો રાજવંશીની રીતે.
પ્યારી ભુતની માફક પ્રણું આ ભમેરે. તાપ

પ્યારી પ્રણામ તુજને "તારા," તેમ સખી તારીને મારા.
સાવત્રીને સુર્યવતી દુઃખડા ખમેરે; તાપ

દોહરો.

વચન તારૂ પાળવા. ધરી આનંદ અપાર;
કરી સાવીત્રી પ્યરી પણ તુજ વિના લાચાર

સાવત્રિ— **રાગ-વારિ વારિ શું શોભે છે વિરો.**

ધારી ધારી શું હીંમત ધારી, પ્યારા જાઉ પ્રીતે બલીહારી.
તારા—જઇએ જુગજીવન બલીહારી, દેખી મુખડું આનંદ ભારી;
સુર્યવંતિ—કરશે શેવા સદા પીયુ પારી;
સુરજબા..................નહી રહીશું કદીએ ન્યારી.
સાવત્રી—...ધારી.
તારા—સુખ સહુ સ્વામી નાથથી, પામુ અપરંપાર.
રંહુ સેવામાં સાથ હું, વરતુ જેજેકાર;
સુર્યવતિ—ધરીને ધીરજ, દસી ચર્ણુ રજ
સુરજબા—સુખનું ઘરજ બ્હેન.
તારા—...ધારી.
કનકસીહ—શાહાબાશ પ્રીયા માહરી, રત્ન પડયુ મુજ હાથ;

રહુ આનંદે આપથી, નિત્ય પ્યારી સંગાથ.

સાવિત્રિ—પ્યારી પ્યારી પ્રીત, અંતરની રીત

તારા—દેખાય ખચીત બ્હેન

સુરજબા—..પ્યારી.

સર્વેપાત્રો રાગ કલ્યાણ.

જય જગદીશ્વરા અખીલ ઇશ્વરા;
પીતા પવીત્ર આપ છો માત છે ધરા— જય.
સતી "તારા" ને સાવીત્રીએ, વેઠયુ દુઃખ અપાર:
સુર્યવંતી સુરજબાને, મળ્યુ સુખ એ વાર. જય.
પતી તેનો કનકસીંહ તે, તે પામ્યો પ્યારી પ્યાર;
નરનારીનું દુઃખ ભાગીયુ; વર્ત્યા જયજયકાર— જય.
સખી સત્ય અસત્ય તજે તો પામે જલ્દી પાર;
રતિલાલ વિનંતી કરે છે. ભવસાગરથી તાર: જય.

સમાપ્ત.

—ઐતિહાસિક નોવેલ—

	કિંમત
૧ ગુર્જરવીર પૃથુસિંહ પરમાર અને નિષ્કલંક સતિ મૈના.	
૨ ગુર્જરવીર પૃથુસિંહ પરમાર ભાગ ૨ જો.	
૩ ઔરંગઝેબ અને પરમહંસ.	
૪ શિવાજી છત્રપતિ મહારાજ ચરિત્ર.	૧
૫ નૂરજહાં અથવા સત્તરમી સદીના સૈયદનશાહ ભાનુ...	૦
૬ ચિતોડનો ઘેરો	
૭ ઉદયપુરના રાજપુતોનો રણોત્સવ.	૦—૩—૦
૮ મહાદજી સીંધીઆનું ચરિત્ર.	૧—૦—૦
૯ અહલ્યાબાઈ હોલકરનું ચરિત્ર.	૧—૪—૦
૧૦ મહારાજા અશોક.	૦—૬—૦
૧૧ મેવાડની જાહોજલાલી.	૦—૧૨—૦
૧૨ જગદેવ પરમાર અને સિંહગતિ.	[illegible]
૧૩ સિદ્ધરાજ જેસીંગ.	૧—૪—૦
૧૪ પૃથ્વીરાજ ચહુઆણ.	૧—૦—૦
૧૫ શાહજાદી ઝુરનઆરા અથવા ભાગ્યે ગુલેમમ.	૦—૧૦—૦
૧૬ વનરાજ ચાવડો.	૧—૮—૦
૧૭ કરણઘેલો.	

પુસ્તકો મળવાનું ઠેકાણું—

મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે.

ત્રણદરવાજા—અમદાવાદ.